# મંદિર : સમાજને જોડતી અદ્રશ્ય શકિત

આપણા સમાજમાં મંદિરો, હવેલીઓ અને ધાર્મિક સ્થળો હંમેશાં માત્ર પૂજા-અર્ચનાનાં કેન્દ્ર નથી રહ્યાં. ઈતિહાસ સાક્ષી છે કે આ સ્થળો સમાજને જોડવાનાં, સંસ્કાર આપવાનાં, શિક્ષણ ફેલાવવાનાં અને જરૂરિયાતમંદોને સહારો આપવાના જીવંત કેન્દ્રો રહ્યાં છે. આજે જ્યારે સમાજમાં આર્થિક સમૃદ્ધિ વધી રહી છે પરંતુ સંબંધો, સંવેદના અને સામાજિક જોડાણ ઘટી રહ્યાં છે, ત્યારે ફરી એક વાર પ્રશ્ન ઊભો થાય છે કે ધાર્મિક સ્થળો અને સમાજ વચ્ચેનો સંબંધ કેવો હોવો જોઈએ?

કેટલાક લોકો કહે છે કે મંદિરોની શું જરૂર, તેના બદલે હોસ્પિટલ કે શાળાઓ બનાવવી જોઈએ. આ વિચારમાં સમાજસેવાની ભાવના છે પરંતુ મંદિરનો અર્થ માત્ર ઈમારત કે પૂજાનું સ્થળ નથી. સાચું મંદિર સમાજના અંતઃકરણને જાગૃત કરવાનું કેન્દ્ર છે. **હોસ્પિટલ શરીરને સાજું કરે છે , શાળા બુદ્ધિને વિકસાવે છે અને મંદિર મન, મૂલ્યો અને સંવેદનાને ઘડે છે. ત્રણેયની જરૂર છે.** જ્યાં મંદિર જીવંત હોય ત્યાંથી જ દાન, સેવા, શિક્ષણ, અન્નક્ષેત્ર, આરોગ્ય શિબિર અને સહાય જેવી પ્રવૃત્તિઓ જન્મે છે. **પ્રશ્ન મંદિર કે હોસ્પિટલમાંથી એક પસંદ કરવાનો નથી; પ્રશ્ન એ છે કે મંદિર એવું બનવું જોઈએ જે સમાજને હોસ્પિટલ અને શાળાઓ ઊભી કરવાની પ્રેરણા, સંસ્કાર અને સંગઠનશક્તિ આપે.**




### કેસ 1 :


વાંકલ નામના ગામમાં રહેલો સુખિયા ચોરી કરીને ગામ છોડીને ભાગી ગયો. સુખિયાની પત્ની રૂખી અને તેનાં બે સંતાનોને ગામ લોકોએ ગામ નિકાલ આપ્યો, તેમના ઘરે પાણી, વીજળી, દૂધ, કરિયાણું કોઈએ ન આપવાની જાહેરાત થઈ. રૂખીનાં બાળકોને શાળામાંથી પણ હાંકી કાઢ્યાં. એક રાતે રૂખી બે સંતાનોને લઈને ગામના પાદર પર આવેલ મંદિરમાં બેસી રહી, ત્યાં ભગવાનના ચઢાવાથી પેટ ભરવા લાગી. એક દિવસ બાજુના ગામની એક વ્યક્તિએ અમારો સંપર્ક કર્યો અને રૂખીને સહાય પહોંચાડવાની અરજ કરી, અમે મંદિરમાં જતાં પહેલાં ગામના મુખીને મળ્યા. આખું ગામ એકઠું થયું અને વાતાવરણ ગરમ થઈ ગયું. અમારે પોલીસ મદદ મંગાવવી પડી. લાંબી જહેમત બાદ ગામના સજ્જન લોકો સાથે બેઠક કરી અને રૂખી તથા તેનાં સંતાનોની જવાબદારી સ્વીકારવા તૈયાર કર્યા. પોલીસે પણ ખાતરી આપી કે તેઓ સુખિયાને શોધીને સજા અપાવવામાં મદદ કરશે. અંતે, રૂખી અને તેનાં સંતાનોને મંદિરમાંની નાની ઓરડી રહેવા આપી અને ગામલોકોએ મંદિરમાં આવતી પ્રસાદસામગ્રી પર તે પરિવારને હક આપ્યો તથા બાળકોને શાળામાં પ્રવેશ પણ અપાવ્યો.

આજે પણ ભારતનાં અનેક ગામોમાં મંદિર માત્ર પૂજાનું સ્થળ નથી પરંતુ સમગ્ર ગામના સામાજિક અને સાંસ્કૃતિક જીવનનું કેન્દ્ર છે. જ્યાં મનોરંજન, જાહેર મિલન સ્થળો એકબીજાનાં સુખ-દુઃખ વહેંચવાની અને સમૂહભાવ અનુભવવાની જગ્યા છે. સદીઓથી મંદિરો ભારતીય કળા અને સંસ્કૃતિના જીવંત વિશ્વવિદ્યાલય રહ્યાં છે. ભગવાનને સુંદર વસ્ત્રો પહેરાવવાથી લઈને શૃંગાર, રંગોળી, ચિત્રકળા, શિલ્પ, ભજન-કીર્તન, ઉત્સવો, શાસ્ત્રીય નૃત્ય - લોક નૃત્ય - આ બધી કળાઓ મંદિરના આંગણે જ પોષાઈ અને પેઢી દર પેઢી જીવંત રહી છે. મંદિર માત્ર ભક્તિ જ નહીં પરંતુ સર્જનાત્મકતા, સૌંદર્યબોધ, સામૂહિકતા અને સાંસ્કૃતિક વારસાને જીવંત રાખવાનું પણ એક મહત્ત્વપૂર્ણ કેન્દ્ર છે. તેથી દરેક ગામ, દરેક વિસ્તાર અને દરેક શહેરને એવા જીવંત મંદિરોની જરૂર છે જ્યાં માત્ર આરતી જ નહીં પરંતુ સમાજ-સંસ્કૃતિ અને સંસ્કારોનો પણ ઉજાસ સતત પ્રગટતો રહે.

### કેસ ૨:

શહેરના જાણીતા મંદિરમાં રાત્રે ૧૧ વાગ્યા સુધી એક મહિલા આંખ બંધ કરી બેસી રહી હતી. પૂજારીએ પ્રશ્ન પૂછતાં તે રડવા લાગી. જેથી એક ભકતજને મને ફોન કર્યો. અમે તે મહિલાને શાંતિથી સાંભળી તો જાણ થઈ કે, તે તાપીમાં કૂદીને આત્મહત્યા કરવા ઘરેથી નીકળી હતી પરંતુ વચ્ચે મંદિર આવતાં તે થોડી વાર શાંતિથી ત્યાં બેઠી હતી. મંદિરમાં આંખ બંધ કરીને બેસવાથી તેને ખૂબ સારું લાગ્યું હતું જેથી તેણે મરવાનો વિચાર પડતો મૂકયો. અમે તે સ્ત્રીના પરિવારજનોને મંદિરના પ્રાંગણમાં જ બોલાવીને કાઉન્સેલિંગ કર્યું. તે સ્ત્રી પણ શાંત થઈને ઘરે જવા તૈયાર થઇ. પછી તો અમે ૨-૩ મહિના બાદ તે સ્ત્રી અને પરિવાર સાથે જોડાયેલા રહ્યા. મંદિરે પણ આ કેસમાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી.

તાજેતરના સમયમાં મંદિરો અને ધાર્મિક સંસ્થાઓ અંગે ચર્ચાઓ વધી છે. આજે બે પ્રકારના અતિરેક જોવા મળે છે. એક તરફ કેટલાક લોકો દરેક બાબતને અંધશ્રદ્ધા સાથે જોડીને વિચારવાનું બંધ કરી દે છે. બીજી તરફ કેટલાક લોકો મંદિર, ભગવાન અને ભક્તિને સંપૂર્ણપણે નકારી કાઢે છે. હકીકતમાં બંને માર્ગ અધૂરા છે. સાચી શ્રદ્ધા માણસને વિચારશૂન્ય બનાવતી નથી, તે વધારે વિનમ્ર, જવાબદાર અને સંવેદનશીલ બનાવે છે અને **સાચો વૈજ્ઞાનિક અભિગમ પરંપરાને સમજ્યા વગર તેનો ઉપહાસ કરવાનું શીખવતો નથી. તે પ્રશ્ન કરે છે, સમજે છે અને પછી અભિપ્રાય બનાવે છે.** અવશ્ય, આજકાલ કેટલાંક મંદિરોના સંચાલન અંગે પ્રશ્નો ઊભા થાય છે. ક્યાંક પારદર્શિતાનો અભાવ, ક્યાંક ગેરવ્યવસ્થા કે ક્યાંક વ્યક્તિગત સ્વાર્થના કિસ્સાઓ પણ સામે આવે છે. આવી બાબતો દૂષણ છે પરંતુ શું તેનો અર્થ એ છે કે મંદિર ખોટું છે? હોસ્પિટલમાં ગેરરીતિ થાય તો લોકો હોસ્પિટલ બંધ કરવાની વાત નથી કરતા; શાળામાં ખામી આવે તો શિક્ષણનો વિરોધ કરતાં આપણે સુધારો માંગીએ છીએ... મંદિર માટે પણ એ જ અભિગમ હોવો જોઈએ. **પ્રશ્ન મંદિરનો નથી, પ્રશ્ન તેના સંચાલનનો છે. સમાજ તરીકે આપણું કર્તવ્ય ટીકા કરતાં વધુ જવાબદારીપૂર્વક સુધારાની પ્રક્રિયામાં જોડાવાનું છે.** સમાજે ભૂતકાળમાં ઘણી મોટી ભૂલ કરી છે. સંબંધોમાં મુશ્કેલીઓ આવી ત્યારે સંબંધો તોડી નાખ્યા. સાસુ-વહુ કે સંયુક્ત પરિવારના પ્રશ્નોના ઉકેલ શોધવાને બદલે, સંયુક્ત પરિવાર તૂટતા ગયા, પછી વિભક્ત પરિવાર અને આજે અનેક જગ્યાએ સિંગલ પેરન્ટિંગ સુધી પરિસ્થિતિ પહોંચી છે. દરેક સમસ્યાનો ઉકેલ સંસ્થા છોડવી નથી હોતો. ઘણી વખત ઉકેલ તેને વધુ પરિપક્વ, પારદર્શક અને જીવંત બનાવવામાં હોય છે. મંદિરો અંગે પણ આ જ સમજ અપનાવવાની જરૂર છે. સમજણ સાથેની શ્રદ્ધા વ્યક્તિને સ્વતંત્ર વિચાર, સારા આચરણ અને માનવસેવા તરફ દોરી જાય. ભગવાન પ્રત્યેની ભક્તિ અને માનવસેવા - બંને એક જ જીવનદર્શનનાં બે પૂરક પાસાં છે.



આવતી પેઢી મંદિર સાથે જોડાય તે માટે મંદિરોએ પણ સમય સાથે બદલાવ સ્વીકારવો પડશે. બાળકો માટે વાર્તા વર્ગ, યુવાઓ
માટે કરિયર માર્ગદર્શન, નેતૃત્વ વિકાસ, વોલન્ટિયરિંગ, પર્યાવરણ અભિયાન, પુસ્તકચર્ચા અને સમાજસેવાના કાર્યક્રમો થવા જોઈએ. વડીલોનો અનુભવ યુવાનો સુધી પહોંચે એવી વ્યવસ્થા ઊભી થવી જોઈએ.

**સમાજને મંદિરની જરૂર એટલા માટે નથી કે ભગવાનને તેની જરૂર છે. સમાજને મંદિરની જરૂર એટલા માટે છે કે માણસને પોતાના અંતરાત્મા સાથે જોડાવા માટે એક પવિત્ર સ્થળની જરૂર છે. તે મંદિર ત્યારે જ સાચા અર્થમાં સફળ કહેવાય જ્યારે ત્યાંથી બહાર નીકળતો માણસ વધુ સારો પિતા, વધુ સારી માતા, વધુ જવાબદાર નાગરિક, સંવેદનશીલ યુવા અને વધુ માનવતાવાળો સમાજસેવક બનીને બહાર આવે.**

આખરે, સમાજને મંદિર પણ જોઈએ છે, શાળા પણ જોઈએ છે અને હોસ્પિટલ પણ જોઈએ છે **પરંતુ સૌથી વધુ જરૂર એવા માણસોની છે, જે આ ત્રણેય સંસ્થાઓને વધુ પવિત્ર, વધુ પારદર્શક અને વધુ સમાજઉપયોગી બનાવવાની જવાબદારી સ્વીકારી શકે.**

જ્યાં સમાજ નિયમિત ભેગો થાય છે, ત્યાં સંવાદ જન્મે છે અને જ્યાં સંવાદ છે ત્યાં સમાજ જીવંત રહે છે. સમાજનો વિકાસ કરોડોની દાનરકમથી નહીં પરંતુ હજારો લોકોની ભાગીદારીથી થાય છે. જ્યાં યુવાનોને જવાબદારી મળે છે ત્યાં સંસ્થા ફરી જીવંત બને છે. જ્યારે વ્યક્તિ ‘મારા પરિવારથી’ થોડો આગળ વધી ‘મારો સમાજ’ વિચારવાનું શરૂ કરે છે ત્યારે હવેલીઓ, સંસ્થાઓ અને સંસ્કૃતિ ફરી જીવંત બનવા લાગે છે. આ સમય નિરાશાનો નહીં, જાગૃતિનો છે અને કદાચ શરૂઆત એક સાચા આત્મચિંતનથી જ થાય છે.

-Instagram@gita.shroff